## ૧૧ - અર્થશાસ્ત્રનો થાળ

જમવા પધારો માર્શલ કેટલીક વાર છે,
આવી જાવ આવી જાવ નિયમો તૈયાર છે.

ભલી ભલી ભાતના નિયમો બનાવ્યા,
ધારણા તો જુઓ કેવી મજેદાર છે.......આવી જાવ આવી જાવ માર્શલ તૈયાર છે.

અનુસૂચિ નાંખી મે તો આકૃતિ બનાવી
માંગનો નિયમ તો જુઓ તો કેવો મજેદાર છે.......આવી જાવ આવી જાવ માર્શલ તૈયાર છે.

રાષ્ટ્રીય આવકમાંથી મે તો ભાત મંગાવ્યો,
ઘટતા સીમાંત તૃષ્ટિગુણનો વઘાર છે.......આવી જાવ આવી જાવ માર્શલ તૈયાર છે.

વૃન્દા તે વનથી મે તો ગિફન વસ્તુ મંગાવી,
કઢી બનાવી માંહી શ્રમનો વઘાર છે.......આવી જાવ આવી જાવ માર્શલ તૈયાર છે.

જળ રે જમનાથી મે તો વિશ્લેષણ કર્યું,
અનુમાન કરો બાપા કેટલીકવાર છે.......આવી જાવ આવી જાવ માર્શલ તૈયાર છે.

સ્થાનિક બજારમાંથી મે તો ઢોલિયા મંગાવ્યા,
કિંમત નિર્ધારણ કરોને બાપા કેટલીકવાર છે.......આવી જાવ આવી જાવ માર્શલ તૈયાર છે.

નિકાસ કરી મે તો હૂંડિયામણ મેળવ્યું,
લેણદેણની તુલા તો કેવી ડોલમડોલ થાય છે.......આવી જાવ આવી જાવ માર્શલ તૈયાર છે.

તેર પ્રકરણનું મે તો બીડું બનાવ્યું,
અપવાદ શોધોને બાપા કેટલીકવાર છે.......આવી જાવ આવી જાવ માર્શલ તૈયાર છે.

કિશોરે ભકતોની વિનંતી સ્વીકારી,
દર્શન દિયોને એડમસ્મિથ કેટલીકવાર છે.......આવી જાવ આવી જાવ માર્શલ તૈયાર છે.

!!!...અસ્તુ...!!!

Dr. Kishorbhai Mohanbhai Patel
(શ્રેષ્ઠ શિક્ષક રાજય પારિતોષિક વિજેતા-૨૦૦૬)
**M.COM., M.A., M.Ed.(Gold Medalist), Ph.D(Edu.)**
**SMT.I.N.TEKRAWALA HIGHER SECONDARY SCHOOL,**
**RANDER ROAD, SURAT.**